


# દાન

માનવજીવનનો એક ઉદ્દેશ છે કે કોઇને કંઇ પણ આપવાનું. આ આપવાની ક્રિયા મનુષ્યની ફરજ છે. ધર્મ છે. એ જીવનને ઉદાર, ઉદાત્ત અને ઉન્નત બનાવે છે એટલું જ નહીં કોઇને કંઇ પણ આપવાથી આપણને અનોખો આનંદ આવે છે. આ આનંદ જ વ્યક્તિને આગળ લઇ જાય છે અને વ્યકિતત્વ બનાવે છે. તો પ્રશ્ન થાય કે કોને શું આપવું? આપવા માટે આપણને મનુષ્ય અવતાર મળ્યો છે. મન છે. બુદ્ધિ છે. આપણી પાસે સમય છે. પરમ તત્ત્વની ઉપાસનાની, આધ્યાત્મિકતાની વાત કરીએ તો સમયદાન શ્રેષ્ઠ છે. સમયદાન માટે કોઇ પણ પ્રકારની ભૌતિક ચીજની આવશ્યકતા નથી.

આ જન્મ ધારણ કરીને આપણી ઇશ્વર પ્રત્યે કોઇ ફરજ છે. એની ઉપાસના, એનું સ્મરણ અનિવાર્ય બને છે. આથી જીવનનો ચોક્કસ સમય તેની ઉપાસનામાં, તેના સ્મરણમાં વિતાવવો એ સમયદાન છે. સ્મરણની, ઉપાસનાની વાત કરીએ તો,અનુકૂળ હોય તો, પલંઠી વાળીને બેસીને જપ, ધ્યાન કરી શકીએ એ સમયદાન છે પણ એથી આગળ વધીને વિચારીએ તો હરતાં ફરતાં, કામ કરતાં, આપણી તમામ વ્યસ્તતાની સાથે પણ આપણા મનનું એક સ્તર એની સ્મૃતિમાં, એના જપમાં, એના નામ સ્મરણમાં વ્યસ્ત અને મસ્ત રાખવું જરૂરી છે. તો બીજા સ્તર પર આપણે જયાં, જે કાર્યમાં વ્યસ્ત છીએ તે કાર્ય સંપન્ન કરતાં રહેવું જરૂરી છે. આથી બે બાબત સિદ્ધ થાય છે. એક તો પરમાત્માની સ્મૃતિ સતત રહે છે. જેથી આપણે તેની સાથે સૂક્ષ્મ સાયુજ્ય સાધી શકીએ છીએ. વળી એની સ્મૃતિ સાથે જે કાર્ય કરીએ છીએ તે કાર્ય સંપન્ન કરવામાં આપણને શક્તિ મળે છે. પ્રેરણા મળે છે. આપણું કાર્ય સહજ અને સરળ બને છે.

ભૌતિક ચીજ-વસ્તુની બાબતમાં વિચારીએ તો આપણી પાસે આર્થિક સંપત્તિ છે તો આપણે યથાશક્તિ એમાંથી કોઇક જરૂરતમંદને મદદ કરવી. એક રૂપિયાનું પણ દાન અનેકગણું બની રહે છે. કોઇક ગરીબ વિદ્યાર્થીને પૈસાથી, પુસ્તકથી કે તેને તેના વિષયમાં આપણને અનુકૂળ હોય, જેટલું આવડે તેટલું સમજાવવામાં પણ વિદ્યાદાન સમાયેલું છે. અરે, વિદ્યાર્થીને, કોઇક નિરાશ-હતાશ માણસને બે શબ્દો પ્રેમના, પ્રોત્સાહનના, હિંમતના કહીએ તો તે પણ દાન જ છે. એથી તેના જીવનમાં, તેની કારકિર્દીમાં એક નવો જ પ્રકાશ, નવી હિંમત, શ્રદ્ધા જન્મે છે. આપણા આવા બે શબ્દો તેના જીવનમાં જે ઊર્જા ભરી દે છે અને તેને પ્રગતિના શિખરે લઇ જાય છે. આપણા આવા બે શબ્દો તેને અને આપણને પણ આધ્યાત્મિકતાના અગોચર પ્રદેશમાં લઇ જાય છે. એટલે દાન માટે કોઇ પણ ચીજ-વસ્તુની અનિવાર્યતા નથી. માનવતા દાનનો સ્રોત છે. આપણો અન્ય પ્રત્યે ભાવ, સમભાવ, સંવેદના, સહૃદયતા, આત્મીયતા પણ દાન છે કારણ કે તે ગતિપ્રેરક છે. પ્રગતિકારક છે. એ તેની તો પ્રગતિ કરે જ છે, સાથે સાથે આપણી પણ પ્રગતિ કરે છે કારણ કે એનો આનંદ જ અનોખો હોય છે. આ આનંદ આપણામાં પણ નવી જ ચેતના જગાડે છે, ઝંકૃત કરે છે. એ પરમાત્મા સુધી પહોંચે છે. આપણી એ ક્રિયા, ભાવના આપણને પણ અનેક થઇને પાછી મળે પણ છે પરમાત્માની પ્રસન્નતા રૂપે. એ કંઇ ઓછી મહત્ત્વની વાત છે?!

મને એક પ્રસંગ યાદ આવે છે. એક શ્રમજીવી દંપતી મજૂરી કરીને તેનું ગુજરાન ચલાવતું હતું. એક દિવસ ઘરમાં જે કંઇ હતું તે પત્નીએ તેના પતિની થાળીમાં પીરસી દીધું. પતિ કોળિયો મોઢામાં મૂકવા જાય છે ત્યાં જ કોઇએ બારણું ખખડાવ્યું. પત્નીએ બારણું ખોલ્યું. સામે એક વયોવૃદ્ધ માણસ ઊભો હતો. તેણે કહ્યું : ''મને બહુ જ ભૂખ લાગી છે. કંઇ ખાવાનું હોય તો આપ.'' પત્નીએ પતિને કહ્યું કે ''કોઇ વયોવૃદ્ધ ખાવાનું માંગે છે.'' પતિએ કહ્યું: ''લે, આ એને આપી દે. કહી પોતાની થાળી પત્નીના હાથમાં મૂકી દીધી. પત્નીએ કહ્યું: ''સ્વામી, તમે શું ખાશો? ઘરમાં હવે બીજુ કશું જ નથી''. પતિએ કહ્યું:''ઇશ્વર કોઈ ને કોઇ વ્યવસ્થા કરી આપશે. અત્યારે એ ક્ષુધાતુર વયોવૃદ્ધને આ જમાડી દે.'' પત્ની થાળી લઇને બહાર ગઇ અને પેલા વયોવૃદ્ધને બેસાડી જમાડયા. તે ખૂબ ખુશ થયા. તેને પાણી પીવડાવ્યું અને પાણી પીને પેલા વયોવૃદ્ધ ત્યાંથી વિદાય થયા.

વયોવૃદ્ધ વિદાય થયાની થોડી જ ક્ષણોમાં ફરી બારણું ખખડયું. પત્નીએ બારણું ખોલ્યું. સામે એક સજ્જન પ્લાસ્ટીકની મોટી કોથળીમાં ખાદ્ય સામગ્રી લઇને ઊભા હતા. એનો પરિચય પૂછતાં પેલા સજ્જને કહ્યું: ''આ સોસાયટીના ઉદ્યોગપતિને ત્યાં લગ્ન પ્રસંગ છે. તેમણે નિશ્ચય કર્યો છે કે સોસાયટીની આજુબાજુનાં તમામ શ્રમજીવીઓને એક અઠવાડિયા સુધી ભોજન કરાવવું. તેથી તમે આ ભોજનનો સ્વીકાર કરો અને એક અઠવાડિયા સુધી આમ હું ભોજન આપતો રહીશ તેથી તમે નિશ્ચિંત રહેજો''. પત્નીએ સાભાર એ ભોજનનો સ્વીકાર કર્યો.

પતિને વાત કહી. પતિએ કહ્યું: ''જોયું. મેં કહ્યું હતું ને કે ઇશ્વર કોઇ ને કોઇ વ્યવસ્થા કરશે''. આમ દાન માટે પ્રેમ, સહૃદયતાનો સરવાળો પરમાત્મા કરે જ છે અને આપણને પણ આપણા જીવનપથ પર આગળ ને આગળ, ઊંચે ને ઊંચે લઇ જાય છે. આપણને પણ આમ દાન કરવાની પ્રેરણા અને શક્તિ પ્રભુ આપતો રહે એવી અભ્યર્થના કરીએ.


> આપણો અન્ય પ્રત્યે ભાવ, સમભાવ, સંવેદના, સહૃદયતા, આત્મીયતા પણ દાન છે કારણ કે તે ગતિપ્રેરક છે. પ્રગતિકારક છે. એ તેની તો પ્રગતિ કરે જ છે, સાથે સાથે આપણી પણ પ્રગતિ કરે છે કારણ કે એનો આનંદ જ અનોખો હોય છે. આ આનંદ આપણામાં પણ નવી જ ચેતના જગાડે છે, એ પરમાત્મા સુધી પહોંચે છે

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

# ભક્તિનું પ્રગટરૂપ સેવા

માનવતા, નિસ્વાર્થ પ્રેમ એ પણ ભક્તિનું ઉત્તમ સ્વરૂપ છે. પ્રેમનો સ્વભાવ જ સમર્પિત થવાનો હોય છે અને વિશુદ્ધ પ્રભુ પ્રેમ જ ભક્તિ છે. જે કાયા, વાણી અને મનથી ત્રણ રૂપે પ્રગટ થાય છે. જેમાં આ ત્રણ રૂપ પ્રગટ નહીં થાય તો તે ભક્ત અને તેની ભક્તિ અધૂરી છે.

' યદ યદ કર્મ કરોમિ તત તદ અખિલ શંભો તવ આરાધનમ'- એ રીતે ભક્તનું તમામ કામ સેવા રૂપ જ હશે. પૂજાનું ફૂલ બનશે. એવા ભક્તની વાણીથી નકામી વાતો નહીં નીકળે અને જે નીકળે તેમાં પણ પ્રભુનો મહિમા કે બીજા જીવોનો ઉપકાર હશે. તેમનું મન જે સંકલ્પ કરશે તે આત્મોન્નતી પ્રેરક હશે. ભક્તિ કોઈ બાહ્ય આડંબરનું નામ નથી. શરીર પર તિલક, ભસ્મ લગાડવા, માળા, વીંટીઓ ધારણ કરવા, સંધ્યા, પૂજામાં દિવસ વિતાવવો. તીર્થોમાં પરિક્રમા કરવી વગેરે ને બાહ્ય દેખાવથી લોકો ભલે ભક્તિ કહે પરંતુ ભક્તિ તો પ્રેમનો સાગર હોય છે અને તે પણ નિષ્કામ અહંકાર વગરનો. કોઈ ફળની આશા માટે ભક્તિ કરવામાં આવે તો તે કેટલે અંશે સાચી ભક્તિ કહેવાય? ભક્તનું જીવન અંદર બહારથી પણ કાચ જેવું શુદ્ધ ચોખ્ખું (પારદર્શક) હોવું જોઈએ. ઈશ્વર માત્ર મંદિરમાં જ બેઠો છે અને બહાર દેખાતા માણસો ઈશ્વરના રૂપ નથી એવું સમજનાર મંદિરમાં પૂજા તો ધૂમધામથી કરે છે પરંતુ બહાર બેઠેલા ભિક્ષુક, દરિદ્ર નારાયણને ધુતકારે છે અને કહે છે કે 'તું તારા પાપનું ફળ ભોગવે છે. તારી જવાબદારી મારા પર નથી'. આવી વ્યક્તિ પણ સાચી ભક્તિથી ખૂબ દૂર છે. માનવતા, દયા, નિસ્વાર્થ પ્રેમ, કરુણા પર વિશેષ ભાર મુકતા રાષ્ટ્રસંત શ્રી તુકડોજી મહારાજ ખુબ સરસ સમજાવે છે. ભક્તએ સર્વાત્મક ભાવથી સમાજની પણ સેવા કરવી જોઈએ. એનો અર્થ એ નથી કે સવાર પડે કે આપણે દરેક વ્યક્તિના માથા પર ફુલ, બીલી ચડાવી ચાંદલા કરીએ. અર્થ એ જ કે સૌ મનુષ્ય માત્ર ને આપણે પ્રભુનો જ જીવ માનીએ. સહાનુભૂતિથી તેના દુઃખ દર્દ દૂર કરવા અને નક્કર સેવાથી તેની પ્રગતિ કરવા પ્રયત્ન કરીએ. પ્રાણી માત્રની સેવા પણ ઈશ્વર સેવા છે અને ભક્તનું એક રીતે તપ જ છે. એક સરસ ઉદાહરણ,'શ્વેતકેતુ જેવો કોઈ રાજા પોતાની પ્રજાનું પાલન કરવામાં ખૂબ તત્પર હતો. મારા રાજ્યમાં કોઈ ચોર નહીં હોય અને ચોર પેદા કરનાર કોઈ કંજૂસ પણ નહીં હોય, કોઈ વ્યસની, જુગારી, દુરાચારી, અત્યાચારી નહિ હોય અને કોઈ બેસહારા નહિ હોય એ વાતની રાજાને ખૂબ ફિકર રહેતી. તે સેવા માટે જ સત્તાનો ઉપયોગ કરતો. એક દિવસ તે સૂતો હતો ત્યારે તેના મહેલમાં પ્રકાશ ફેલાયો. તેણે જોયું તો નારદમુનિ કંઈક લખી રહ્યા હતા. રાજાએ પ્રણામ કરી પૂછ્યું તો મુનિએ જણાવ્યું કે,' પ્રભુએ મને સારા ભક્તોની યાદી બનાવવા કહ્યું છે. આ યાદી લગભગ તૈયાર થઈ ગઈ છે તે હું તેમની સામે મુકીશ અને તે પોતાના હાથોથી તેના પર ક્રમ લગાવશે કાલે રાત્રે પાછો હું અહીંથી જ ભ્રમણ કરતો નીકળીશ. શું તમારું નામ આ યાદીમાં લખું? રાજાએ કહ્યું,'મુનિવર હું ક્યાં ભક્તિ કરું છું? મને મારા કર્તવ્યમાંથી જ ફુરસદ મળતી નથી તો પછી સારા ભક્તોમાં મારો પત્તો ક્યાંથી લાગે?' તેમ છતાં નારદજીએ રાજાનું નામ લખી દીધું અને સીધા વૈકુંઠ ચાલ્યા ગયા. ભગવાને યાદી જોઈ તેમાં થોડાંક ફેરફાર કર્યા અને યાદી પાછી નારદજીને સોંપી દીધી. બીજી રાતે રાજા સુવાની તૈયારી કરતા હતા ત્યારે નારદમુનિ આવ્યા. રાજાએ પૂછ્યું,' મુનિવર, મારા વિશે પ્રભુએ શું કહ્યું? નારદજીએ એ યાદી રાજાના હાથમાં પકડાવી દીધી. રાજાએ વિચાર્યું મારું નામ કદાચ આ યાદીમાં આવ્યું હશે તો પણ છેલ્લે છેલ્લે જ હશે એટલા માટે તેમણે નીચેથી નામો જોવા માંડ્યા. પાના ફેરવતા ગયા પણ ક્યાંય તેમનું નામ ન હતું. તે નિરાશ થવા લાગ્યા પરંતુ નામ શોધવાનું ચાલુ રાખ્યું. નવાઈની વાત એ નીકળી કે તેનું નામ પહેલા પાના પર સૌથી ઉપર હતું. રાજા એ પૂછ્યું,' મુનિવર,વાત શું છે? હું તો સાદો ભક્ત પણ નથી અને મારું નામ ખાસ ભક્તોની યાદીમાં સૌથી ઉપલા ક્રમે આવ્યું છે એમ કેમ?' નારદજીએ કહ્યું, 'ભાઈ, ઈશ્વરની ભક્તિની કસોટી જ અલગ છે. ભજન, પૂજન તો આપણે આપણી ખુશી માટે કરીએ છીએ પરંતુ ઈશ્વર ઈચ્છે છે કે આપણે જનતા જનાર્દનની સેવા કરીએ. દુઃખીઓના સુખમાં જ ભગવાનને સંતોષ થાય છે. એટલા માટે તે દીન દુઃખીઓ, પીડીત, અનાથોનું રૂપ લઈને આપણી સામે આવે છે અને ભક્તોની પરીક્ષા લે છે.' ભગવાન વૈકુંઠ, કૈલાશમાં જ નહીં પરંતુ તે સર્વત્ર વ્યાપક છે. દરેક જીવમાત્રમાં છે. સહુની સેવા સચ્ચાઈથી, પ્રમાણિકતાથી કરવી એ પણ ભક્તિનું મહત્વપૂર્ણ અંગ છે.



> ભક્તિ તો પ્રેમનો સાગર હોય છે અને તે પણ નિષ્કામ અહંકાર વગરનો. કોઈ ફળની આશા માટે ભક્તિ કરવામાં આવે તો તે કેટલે અંશે સાચી ભક્તિ કહેવાય? ભક્તનું જીવન અંદર બહારથી પણ કાચ જેવું શુદ્ધ ચોખ્ખું (પારદર્શક) હોવું જોઈએ

લોકોને બતાવવા માટે નહીં પણ આપણા હૃદયને સાક્ષી રાખીને આપણે સેવા કરવી જોઈએ. સેવા ઈશ્વર જાણે છે અને સેવક જાણે છે એ સિવાય ત્રીજા ને બતાવવાનો સવાલ જ નહીં હોવો જોઈએ. સેવાનો ઉદ્દેશ રંજન નહીં અંજન પણ હોય છે. 'શૂરવીર પુરુષ બીજાને પીડા પહોંચાડનાર ને રણમાં મારી પણ નાખે તો તે ક્રુરતા નથી, સેવા જ છે.' એટલા માટે 'સેવાધર્મ અગાધ' કહેવાય છે.'ઈદં ન મમ'

**ધર્મ મર્મ**
શ્રીજીવ વ્યાસ